Navgujarat Samay

EDII

October 11, 2023
Pg.2

સાબરમતી સંવાદ કાર્યક્રમમાં ભાજપના નેતા કપિલ મિશ્રાનો પ્રશ્ન

# હમાસ માટે રેલી કાઢનારા અહીં ધડાકા થાય ત્યારે ક્યાં હોય છે?



- **સનાતનનો ડંકો સમગ્ર દુનિયામાં વાગે છે ત્યારે ભારતમાં જ કેટલાક દ્વારા તેનો વિરોધઃ શહજાદ પૂનાવાલા**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

અમદાવાદમાં ઈડીઆઈ ખાતે આરએસએસ સાથે સંકળાયેલા રાષ્ટ્રીય સાપ્તાહિક પાંચ જન્ય દ્વારા સાબરમતી સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ અલગ અલગ મુદ્દે યુવાઓ સાથે સંવાદ કર્યો હતો. ભાજપના દિલ્હીના નેતા કપિલ મિશ્રાએ અમદાવાદના કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું કે, ઈઝરાયલમાં ઉપર હુમલા પછી હમાસના સમર્થનમાં જે લોકોએ રેલીઓ કાઢી હતી તેઓ જ્યારે અમદાવાદ કે ભારતમાં બોમ્બ ધડાકા થાય ત્યારે રેલીઓ કેમ કાઢતા નથી. હાલ હિન્દુઓમાં ભાગલા પાડવાનું નેરેટીવ પણ ચલાવાઈ રહ્યું છે. કપિલ મિશ્રાએ કહ્યું હતું કે, 2017માં મેં ભ્રષ્ટાચાર વિરોધી લડાઈ શરૂ કરી ત્યારે કહ્યું કે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન જેલમાં જશે, તેમાંથી બે જણા આજે જેલમાં જઈ ચૂક્યા છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ કહ્યું હતું કે, સનાતનનો ડંકો સમગ્ર દુનિયામાં વાગી રહ્યો છે ત્યારે ભારતમાં કેટલાક લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. તેમણે ઈઝરાયલની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, હમાસે જે રીતે આતંકી હુમલો કર્યો તેમાં સીધી વાત એ છે કે તમે આતંકની સાથે છો કે તેના વિરોધમાં? જે લોકો આતંકના સમર્થનમાં છે તે એ લોકો છે, જેમણે 26-11ના હુમલાને હિન્દુ આતંકવાદ કહ્યો હતો અને અફઝલના સમર્થનમાં નારા લગાવ્યા હતા. જે પક્ષના બે-બે નેતા આતંકવાદમાં હોમાયા છે તેના લોકો આતંકની સાથે ઉભા હોવાની ટિપ્પણી પણ તેમણે કરી હતી.

## પોલીસ ડ્રગ્સ પકડે તે ગુજરાત મોડલઃ હર્ષ સંઘવી

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આંતરિક અને બાહ્ય સુરક્ષાના મુદ્દે કહ્યું હતું કે, ગુજરાતની પોલીસ ગોળીબારનો સામનો કરીને સમુદ્રમાં ઝંઝાવાત વચ્ચે ડ્રગ્સ પકડે છે તે વાસ્તવમાં ગુજરાત મોડલ છે. ગુજરાતે પોલીસે કોલકાતા અને પંજાબની જેલમાંથી પણ ડ્રગ્સ પકડવાનું કામ કર્યું છે. પશ્ચિમ બંગાળ, પંજાબમાં ગુજરાત ડ્રગ્સ પકડે તો મમતા બેનરજી કે અરવિંદ કેજરીવાલ, ભગવંત માન થેન્ક્યુ કહે છે કે નહીં તેવા સવાલ ઉપર સંઘવીએ કહ્યું હતું કે આ લોકો બહુ સિલેક્ટીવ થેન્ક્યું બોલતા હોય છે. ડ્રગ્સ પકડવા દાદાગીરી કરવી પડતી હોય છે અને અમે તે કરીશું. તે સાથે ગેરકાયદે દબાણો હટાવવાનું કામ પણ ચાલુ રાખીશું.

## પતિને પગે લાગવાનું બચપણથી શીખવાય છેઃ રિવાબા

ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની અને ધારાસભ્ય રિવાબા જાડેજાએ મેચમાં પતિના ચરણ સ્પર્શ કર્યા હતા તે ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, તે કોઇ આયોજનબધ્ધ નહોતું. મેચમાં જીતની એવી ક્ષણ હતી અને તેમ થયું હતું. જે આપણી સનાતન સંસ્કૃતિ છે અને અને નાનપણથી શીખવાડાય છે કે કોઇ વ્યક્તિ વિશેષ જો તો તેના ચરણ રજ માથે ચડાવાય તો સકારાત્મતા મળતી હોય છે. સુધા મૂર્તિની સાદગી તેમને પ્રભાવિત કરતી હોવાનું પણ તેમણે કહ્યું હતું.

## ગ્રાહક-ખેડૂતને લાભ તે મુખ્ય બાબતઃ જયેન મહેતા

અમૂલના એમડી જયેન મહેતાએ કહ્યું હતું કે, અમે ગ્રાહક અને ઉત્પાદક બન્નેનો ખ્યાલ રાખ્યો છે અને આ એવું મોડલ છે જેણે સફળ થવાનું જ છે. ગ્રાહકને ફાયદો થાય અને ખેડૂતને પણ લાભ થાય તે પણ અમે વિચારતા હોઇએ છે. કેન્દ્રીય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણે કહ્યું હતું કે, આજે દેશના દરેક જિલ્લામાં ફાઇવ-જી સેવા છે અને આગામી સમયમાં સીક્સ-જી સેવા આવશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સમયમાં મોબાઇલનો ઉપયોગ કરતી વેળા સતર્ક રહેવાની પણ તેમણે તાકીદ કરી હતી.

## કમ્યુનિસ્ટ નમાજ પઢે તો સેક્યુલર! : અંશુ જોશી

દિલ્હીની જેએનયુના પ્રોફેસર અંશુ જોશીએ કહ્યું હતું કે, જેએનયુમાં તમે વામપંથી-ડાબેરીઓ સાથે નથી તો કેરિયર બરબાદ કરી દેવાની ધમકી અપાય છે અને અલગ પ્રકારનો વ્યવહાર કરાય છે. કોમ્યુનિસ્ટ અને જેહાદી કેવી રીતે એક થઇ જાય છે તેમ કહેતા કહ્યું હતું કે, કોમ્યુનિસ્ટ નમાજ પઢે તો સેક્યુલર છે અને જો અમે દિવો પ્રગટાવીએ તો કોમ્યુનલ! પ્રખર વક્તા કાજલ હિન્દુસ્તાનીએ કહ્યું હતું કે, મારો જન્મ તે લોકોનો નાશ કરવા થયો છે, જેઓ સનાતનને ખતમ કરવાની વાત કરે છે.